This document was written by Mr. Ibrahim Dadabhai "Bekaar" , a well-respected name in Gujarati Literature.



## ટંકારીઆ

ભરૂચ જિલ્લાની પટેલ વસ્તીવાળાં ગામોમાં ટંકારીઆ સૌથી મોટું ગામ છે. એક વેળા એ ગામ કપાસના વેપારમાં ખૂબ જ આગળ પડતું હતું. પરસ્પરના કુસંપને લીધે ઘણા વેપારી-બંધુઓ વેપારી મટી સામાન્ય માણસ બની ગયા છે. હાલમાં શેઠ મુસા ઉમરજી કેપ્ટાઉન-વાળાની કોશિશથી ગામમાં સારો સંપ સ્થપાયો છે. આ ગામમાં પટેલોની વસ્તી ૪૦૦૦ માણસની છે: ઘોડીવાળા, ભૂતાવાળા, દેલાવાળા, ખાંધીઆ, વલી બક્ષવાળા અને જેતવાળા વગેરે કુટુંબો જાણીતાં હતાં. પટેલ વહોરાઓના ગામોમાં પહેલી હાઇસ્કૂલ સ્થાપવાનું માન આ ગામ ખાટી ગયું છે. તેના કાર્યવાહકો શેઠ ઉમરજી ઈબ્રાહીમ કેપ્ટાઉનવાળા, જાણીતા લેખક મુસ્તુફાબાદી, ડી. લો. બો. સભ્ય જનાબ મહમદ મુસા માસ્તર અને ઉત્સાહી યુવાન મી. મસ્તાન વગેરેની ધગશ પ્રશંસાપાત્ર છે. આ ગામમાં હોશિયાર લોકોની સંખ્યા મોટી છે; તેમ ખટ-પટીઆઓની સંખ્યા થોડી ઘણી છે. સામાજિક કાર્યકરોની સંખ્યા પણ ઠીક ઠીક છે ત્યારે બેકારોની સંખ્યા પણ ઠીક પ્રમાણમાં છે. વી. એફ. પાસ ૧૨૫, ટ્રેન્ડ શિક્ષકો-૪૦, અને તે પૈકી સીલેકશન ગ્રેડવાળા-૧૨ છે. તલાટી-૩, સર્કલ ઈન્સ્પેક્ટર-૧, ઈન્કમટેક્ષ ખાતામાં કલાર્ક ૧, અને સર્વેયીર-૧ છે. મેટ્રીક પાસ થએલા-ઓની સંખ્યા-૩૨ અન્ડર ગ્રેજ્યુએટ-૪, અને બી એ. પાસ-૨ છે. ડૉકટરો-૪, હકીમો-૪, વકીલો-૨, અને એન્જીનીયર-૨ છે. હાફેઝજી ૮, સફળ ખેડૂત-૧૫, દેશમાં સફળ વેપારી ૧૦, અને પરદેશમાં સફરીઓની સંખ્યા ૧૬૦ની છે. એક જાણીતા સાહિત્યકાર અને સામાજિક કાર્યકર જનાબ મુસ્તુફાબાદી છે. એકંદરે ગામ કેળવણીમાં સાધારણ રીતે આગળ પડતું છે. એક માજી ધારાસભ્ય અને એક ડી લો. બો.ના ચાલુ સભ્ય અને એક માજી સભ્ય છે. પ્રાથમિક કેળવણીમાં આ ગામ સારૂં આગળ પડતું છે. ઘણા વરસો સુધી આ ગામમાં સેન્ટ્રલ સ્કૂલ રહી હતી. તેના પ્રતાપે વી. એફ.નું બજાર તેજીમાં આવ્યું છે.

☆

**જ. ડૉ. અલીભાઇ દાદાભાઇ પટેલ:** ઉ. વ. ૬૩. મૂળ વતન ટંકારીઆ. સને ૧૯૧૨માં



ડૉકટરની પદવી મેળવી તરતજ મુંબઈ સરકારની નોકરીમાં જોડાયા. પટેલ કોમમાં પોતે પ્રથમજ ડૉકટર થએલા. ૧૯૩૩માં મુંબઈ ઇલાકામાં પ્રથમ પંકિતની નોકરી બદલ એમને 'સરવિ-લિયમમુર' પ્રાઇઝ સરકાર તરફથી એનાયત થએલું. ૧૯૩૪માં પ્રમાણિક અને જ્વલંત નોકરી બદલ ખાનસાહેબનો ખિતાબ એનાયત થએલો. જે પાછળથી પરત કરી આપેલો. પોતે મુંબઈ ઇલાકાની મેડીકલ કાઉન્સીલના સભ્ય હતા. ૧૯૪૩માં રિટયર્ડ થઈ પોતાનું નર્સીંગ હોમ ભરૂચમાં સ્થાપિત કરેલું જે પાછળથી બંધ કરી દેવામાં આવ્યું હતું. એઓ ભરુચ જિલ્લા મુસ્લિમ લીગના પ્રમુખ હતા. ૧૯૪૫માં એમન પ્રમુખપણા હેઠળ પાનોલી મુકામે ગુજ-રાત પોલીટીકલ કોન્ફરન્સ શાનદાર રીતે યોજ-વામાં આવી હતી. ભરુચ જિલ્લામાંથી મુંબઇ ધારાસભાના સભ્ય તરીકે બીનહરીફ ચુંટાયા હતા. અને મુંબઈ ધારાસભામાં વિરોધ પક્ષની

If you find or have any information about these about these people, please e-mail us on sab@mytankaria.com or contact one of our administrators.

પાર્લામેન્ટરી પાર્ટીના મુખ્ય 'વ્હીપ' હતા. ૧૯૪૭થી સહકુટુંબ કરાચીમાં વસવાટ કર્યો. હાલ પણ ત્યાંજ રહે છે. અને ત્યાં 'પાકિસ્તાન ડ્રગ હાઉસ લિમીટેડ' નામની પેઢી કાયમ કરી વેપાર ખેડે છે. દવાના વેપારમાં ખૂબ આગળ વધ્યા છે. સને ૧૯૫૧માં પોતે પત્નિસહ હજ પણ પઢી આવ્યા છે. ભરૂચ જિલ્લાના પટેલોમાં કરાંચી ખાતે એ સૌથી મોખરે છે. લીડર તરીકે સારી પ્રતિભા સંપન્ન વ્યક્તિ છે. ઓછું બોલી વધુ કામ કરવામાં માને છે ધ્યેયની સિદ્ધિ પ્રાપ્ત કર્યા વગર જંપતા નથી. ખૂબ જ મક્કમ વિચારના છે. પટેલોની સેવા દ્વારા પટેલ કોમનું નામ ઉજ્વળ કર્યું છે.

✩

**શેઠ મુસા ઉમરજી પટેલ : ઉ. વ. ૬૩.** મૂળ વતન ટંકારીઆ. હાલ કેલરમોન્ટ (કેપટાઉન)



પ્રાથમિક કેળવણી પોતાના ગામમાં ગુજરાતી સાત ધોરણ સુધી પ્રાપ્ત કરી છે. અંગ્રેજી અભ્યાસ ખાનગી રીતે પ્રાપ્ત કર્યો છે. છતાં પણ અંગ્રેજીમાં પત્રવ્યવહાર અને વાતચીત સારી રીતે કરી શકે છે. ૧૯૦૮માં આફ્રિકા ખતે જઈ કેપટાઉનમાં બીઝનેસ શરૂ કર્યો. હાલમાં તેઓ કૈટના અને ગ્રોસરીના જનરલ વેપારી છે. તેઓ સુલેહશાંતિના ચાહક હોઇ ટંકારી-આમાં પડેલી પાર્ટીઓના મતભેદો દૂર કરી એકત્ર કરવાનું માન તેઓને ફાળે જાય છે. તેઓ વતનથી દૂર હોવા છતાં વતનની ધગશવાળા છે. વતન પ્રત્યેની મમતા તેમણે કરેલાં દીની, દુન્યવી અને સામાજિક કાર્યોની સખાવતો ઉપરથી સાબિત થાય છે. તેઓ સખી ગૃહસ્થ છે. છુપી સખાવતો કરવામાં માને છે. પટેલ કોમની લાગણીવાળા છે. પટેલ કોમની ઉન્નતિના સાચા હમદર્દ છે. દીની, દુન્યવી કામોમાં હજારોની જાહેર અને છુપી સખાવતો કરી છે. છતાં એમને જાહેરમાં આવવું પસંદ નથી. ટંકારીઆના જાણીતા કાર્યકર અને સુલેહ પ્રેમી ગૃહસ્થ છે. પટેલોની કેળવણી અને ઉન્નતિમાં સારો રસ ધરાવે છે. વૃદ્ધ થયા છતાં જવાનની જેમ કાર્ય કરવાની ધગશ ધરાવે છે. તેમનું સરનામું, નંબર ૪, વીનયાર્ડ રોડ, કલેરમોન્ટ કેપટાઉન છે.

✩

**જ. મહંમદ અલીભાઈ પટેલ : ઉ. વ. ૪૦** મૂળ વતન ટંકારીઆ. એ હા. અલીભાઇના



જ્યેષ્ઠ પુત્ર છે. અલીગઢ મુસ્લિમ વિશ્વવિદ્યાલયથી ૧૯૩૫માં મેટ્રીક પસાર કરી છે. ક્રિકેટ અને ફુટબોલના સારા ખેલાડી છે એમને અલીગઢ મુસ્લિમ વિશ્વવિદ્યાલય તરફથી 'કલર'

Please note that the book was written around 1955; thus the ages of the people listed here are correct as if 1955. p.3



મળેલ છે. હાલમાં પોતે કરાચી ખાતેની પાકિસ્તાન ડ્રગ હાઉસ નામે પેઢીમાં સામેલ છે.

☆

**જ. ઈબ્રાહીમ અલીભાઇ પટેલ. ઉ. વ. ૩૮**

મૂળ વતન ટંકારીઆ. ડૉ. અલીભાઇ પટેલના એ બીજા પુત્ર છે. પોતે મેટ્રીક સુધી અભ્યાસ



કરી મુંબઈ ખાતે દવાની પેઢી ઉપર નોકરી કરતા હતા. હાલમાં કરાચી ખાતે પોતાના પિતાની પેઢીમાં કામ કરે છે.

☆

**જ. વી. એ. પુનાવાલા. ઉ. વ. ૩૫.** મૂળ વતન ટંકારીઆ. શરૂઆતમા ટેલરીંગ કામ શરૂ કરી પછી પુના આરોપકડ ટ્રેનિંગ કૉલેજમાં ડીપ્લોમા મેળવી બોમ્બે કૉમરશિયલ કૉલેજનો ડીપ્લોમા મેળવી કૉલેજ ચાલુ કરી. પાંચ વરસ પછી ઈંગ્લાંડની ટેલર એન્ડ કટર એકેડેમીનો ડી. એમ. ટી. સી. નો લંડનનો ડીપ્લોમા મેળવી સૂરત ખાતે ૧૯૩૯ થી ટેલરીંગ કૉલેજની સ્થાપના કરી. ગુજરાતના યુવાનોને સાયન્ટીફીક ટેલરીંગનું વ્યવસ્થિત શિક્ષણ આપવાનું શરૂ કર્યું. દરેક જ્ઞાતિના સેંકડો બેકાર યુવાનો અને તેમાંય ખાસ કરીને ભરૂચના અનેક પટેલ બિરાદરો ટેલરીંગનો ધંધો શીખી સારી રીતે ગુજરાન ચલાવી રહ્યા છે. ટેલરીંગને લગતાં મશીનો લેવા વેચવાનું તથા સિલાઇને લગતું કામ પણ એ કોલેજમાં થાય છે. ટેલરીંગ તથા કટીંગને લગતાં બે સાયન્ટીફીક પુસ્તકો એમણે



પ્રગટ કર્યાં છે. ભારતમાં ટેલરીંગના ધંધાને લગતાં આ અજોડ પુસ્તકો છે.

☆

**જ. અહમદ અલીભાઈ પટેલ. ઉ. વ. ૩૫**

મૂળ વતન ટંકારીઆ. જન્મ વાલોડ જિ. સૂરત.



સને ૧૯૩૬ માં બરોડા ક્રિકેટ એસોસિએશનના મેમ્બર થયેલા અને વડોદરા રાજ્યમાંજ ફોજદારની નોકરી કરતા હતા. વડોદરા રાજ્યના

Tankaria has been nurturing sports from around the Bharuch district since before the independence. This is the land whose son got an honor of being "the first vohro patel" to play at the top level of cricket. p.4

મહારાજાની ટીમના પોતે ઓપનીંગ ફાસ્ટ બૉલર હતા. અને બરોડા ક્રિકેટ એસોસિએશન ઇલેવન તરફથી ઘણા વરસો સુધી રણજી ટ્રોફીમાં હિસ્સો લેતા રહ્યા. ગુજરાત ક્રિકેટ એસો. તરફથી પણ રણજી ટ્રોફીમાં હિસ્સો લીધેલ છે. ઉપરાંત પરદેશથી પધારતી ટીમો સામે પણ રમ્યા છે. પોતે ક્રિકેટ આલમમાં સારી ખ્યાતિ મેળવી છે. અને પટેલ કોમમાં આ દરજ્જે પહોંચનાર પ્રથમજ સ્પોર્ટસમેન છે. ૧૯૫૨ માં નોકરી છોડી કરાંચી ખાતે વસવાટ કરે છે અને ત્યાં પોતાની પેઢીમાં કામ કરે છે. ખૂબજ આશાવંતા યુવાન છે.

☆

**જ. ઈસ્માઈલ અલીભાઈ પટેલ :** ઉ. વ. ૨૭. મૂળ વતન ટંકારીઆ. જન્મભૂમિ એડન. એ ડૉ. અલીભાઈના સૌથી નાના પુત્ર છે. પોતે ગવરમેન્ટ હાઇસ્કૂલમાંથી મેટ્રીક પસાર કરી અલીગઢ મુસ્લિમ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ જારી રાખેલો. હાલમાં સિંધ વિશ્વવિદ્યાલયથી બી. એસસી ની પદવી પ્રાપ્ત કરી છે. ટંકારીઆ ગામના પોતે પહેલા જ સાયન્સ ગ્રેજ્યુએટ છે. હાલમાં કરાંચી ખાતે પોતાની પેઢીમાં



કામ કરે છે, અને એક લેબોરેટરી કાયમ કરવાની તજવીજમાં છે. આશા છે ટુંકમાં શરૂ કરશે. ઉત્સાહી અને ધગશવાળા યુવાન છે.

**જ. ઇસ્માઇલ ઉમરજી અભરામ ભૂતા :** ઉ. વ. ૪૬. મૂળ વતન ટંકારીઆ. એ ગામના આગેવાન ઉપરાંત વાંતરસા અને ટંકારીઆના સફળ ખેડૂત અને લેનલોર્ડ છે. ઘણાજ ઉત્સાહી, મિલનસાર, મહેમાન નવાઝ ખાનદાની માણસ



છે. એમના પિતા કપાસના જનરલ વેપારી હતા. અને એક જીનીંગ ફેક્ટરી પણ હતી. વાંતરસા ગામના માજી રેવન્યુ પટેલ અને ટંકારીઆ ગ્રામ પંચાયતના સભ્ય છે. સાર્વજનિક કામોમાં સારો રસ ધરાવે છે. આધેડ છતાં જુવાન જેવો જુસ્સો ધરાવે છે.

એમનો પુત્ર મુસા ઈસ્માઇલ ઉમર વરસ



૨૪ છે. ૧૯૪૯માં મેટ્રીક પાસ કરી ૧૯૫૦માં

In Gujarati, we say "Mor naa inda ne chitarva naa pade." Mr. Hanif Khoda (U.K.), grandson of Seth Ahmed U.I. Khoda, is a successful businessman & social worker. His work inspired us to create this website. p. 5

વડોદરા કૉલેજમાંથી એફ. આઈ. થયા. હાલ ઈન્ટરનો અભ્યાસ ચાલુ રાખી આમોદ ખાતે ગવરમેન્ટ સર્વિસમાં ગોદામ કીપરની નોકરી કરે છે. ધગશવાળા ઉત્સાહી યુવાન છે.

☆


**જ. શેઠ અહમદ ઉમરજી ઇસ્માઈલ ખોદા:** ઉ. વ. ૪૪. મૂળ વતન ટંકારીઆ. જાણીતા ઘોડીવાળા કુટુંબમાં એમનો જન્મ થયો છે. વેપારને યોગ્ય પ્રાથમિક શિક્ષણ મેળવી પોતાના પિતાની સાથે મીયાંગામ ખાતે અનાજ અને



કરિયાણાના ધંધામાં જોડાયા અને વેપારી લાઈનથી સારા માહિતગાર થયા. નામું લખવામાં પણ જોતજોતામાં એક્સપર્ટ થયા. વેપારી લાઈનનો વધુ અનુભવ મળતાં ભાગીદારીથી મૂક્ત થઇ સાવલી. તા–સીનોરમાં સ્વતંત્ર વેપાર શરૂ કર્યો. અને તેમાં સફળતા સાંપડતાં ૧૯૨માં પોતાના ગામ ટંકારીઆમાં જ આવીને વેપાર જમાવ્યો. આજે ટંકારીઆના વેપારીઓમાં અગ્રગણ્ય, પ્રતિષ્ઠીત અને પ્રમાણિક વેપારી તરીકે પ્રખ્યાત છે. જાતે જ નામું લખે છે. અને નામાના જાણીતા નિષ્ણાત છે. સફળ વેપારી સાથે સફળ ખેડૂત પણ છે. વેપાર સિવાય બીજી પ્રવૃત્તિઓ તરફ જરાય ધ્યાન આપતા નથી. નમ્ર અને લાગણીવાળા યુવાન છે.

☆

**જ. માસ્તર અહમદ વલી મુસા. ઉ. વ.** ૩૦. - મૂળ વતન ટંકારીઆ. ૧૯૪૮માં બેઝિક-ટ્રેન્ડ થયા. ૧૯૫૧માં વિનીતની પરીક્ષા પાસ કરી. રાજદ્વારી કુનેહ ધરાવતા ઉત્સાહી શિક્ષક છે. એમની પત્નિ અમીના ઇસા અલી પણ ૧૯૪૮માં ટ્રેન્ડ થયાં છે. અને ૧૯૫૦માં બેઝીક



કોર્સ કર્યો છે. મિલનસાર અને વિવેકી યુવાન છે. હાલ ઇખર મૂખ્ય શાળામાં શિક્ષક છે. ૧૯૫૩માં એસ. એસ. સી. પરીક્ષા પણ પાસ કરી છે.

★

**જ. વલી આદમ લાલન:** ઉ. વ. ૪૬. મૂળ વતન ટંકારીઆ. ગામમાં ખેતીનો ધંધોય ચાલે છે. અને પોતે સાહસ કરી મુંબઇ ખાતે દૂધના બિઝનેસમાં પણ જંપલાવ્યું છે. ધીમે ધીમે એ ધંધામાં ઠીક પ્રગતિ કરી છે. ઠરેલ અને સાદા માણસ છે. કોમી કાર્યોમાં અને તેમાંય ખાસ સાર્વજનિક કાર્યોમાં ઉલટ ભર્યો ભાગ લે છે સામાન્ય રીતે મુંબઈના બીજા પટેલ વહેપારીઓની જેમ ઉદાર વૃત્તિના છે.

☆

**જ. મૂસા આદમ પટેલ:** ઉ. વ. ૪૬. મૂળ વતન ટંકારીઆ. ગામમાં જ વી. એફ.ની પરીક્ષા પસાર કરી. બાપીકા ખેતીના ધંધાને

Master Ahmed V. Musa (Chati Master), now 85, is living in Chicago (U.S.A.) He is still as fit as he looks in this picture (Mashallah). Bekaar was his colleague.

These people had love deep in their hearts for their village. They did whatever they could for the development of Tankaria. That is the reason we remember them today with great honour. p. 6

તિલાંજલી આપી પાલેજ ખાતે કપાસના ધંધામાં જંપલાવ્યું. અને જોતજોતામાં એ ધંધામાં સારૂં નામ પ્રાપ્ત કર્યું. સામાન્ય રીતે ટંકારીઆના પટેલ વહેપારીઓથી લોકો ભડકે; પણ એમણે તો શાંત અને નમ્ર તબીઅતને



કારણે સારી લોકપ્રિયતા પ્રાપ્ત કરી. ધંધામાં પ્રગતિ કરી સાથે સાથે મુંબઈ ખાતે જોગેશ્વરીમાં ભેંસો રાખી દૂધના બિઝનેસમાં પણ જંપલાવ્યું. વ્યાપારી બુદ્ધિના કુનેહબાજ માણસ હોઈ જ્યાં હોય ત્યાં ફાવી શકે છે. સારાં કામોમાં સહકાર આપી છૂટે છે.

☆

**જ. વલી બક્ષ સફરી: ઉ. વ. ૬૦. મૂળ** વતન કંટારીઆ. સને ૧૯૧૯માં ખિલાફત ચળવળ વખતે આગેવાની ભર્યો ભાગ ભજવ્યો હતો. ૧૯૨૦થી જોહન્સબર્ગની સફર કરી હતી. પછી વતન આવી ફરીથી ૧૯૨૭ થી ૧૯૪૯ સુધી સફર કરી ફરી પોતાના વતન આવ્યા. આફ્રિકામાં 'કોહિનુર'ના નામે ઓળખાતા હતા. હોટલ ઑનર્સ હતા. હાલમાં એમના પુત્રો બીઝનેસમાં રોકાયલા છે. ૧૯૧૭માં ટંકારીઆના મદ્રસા માટે આફ્રિકાથી ફંડ ભેગું કરી મોકલાવેલું ૧૯૪૨થી ટંકારીઆ મદ્રસાના નામે ફંડ એકઠું કરી તેમાંથી જોહન્સબર્ગમાં મીલ્કત રાખી તેની આવક ટંકારીઆ મદ્રસાને મળતી

રહે છે. જેનો વહીવટ મહમદ વલી દેસાઇ સાહેબ કરે છે. ગામ ટંકારીઆમાં સાર્વજનિક પાણીનું મશીન મુકાવી ગામ મદ્રેસાને ભેટ આપ્યું છે. એમના પુત્ર જ. મહમદ વલી સફરી ભરૂચ તથા સુરતમાં હોટલ ઑનર્સ છે.



સુરતમાં વાડી કરી મૂખ્ય ભાગે ખેતીનો ધંધો કરે છે.

★

**જ. ડૉ. મહમદભાઇ ઇબ્રાહીમભાઇ પટેલ** (ગોળવાળા) એલ. સી. પી એસ. મુંબઈ ઉ. વ. ૩૮ મૂળ વતન ટંકારીઆ. એમના પૂર્વજો મૂળ ટંકારીઆના રહીશ, પણ ચાર પેઢીથી પાલેજમાં વેપાર અર્થે આવી રહ્યા છે. પાલેજમાં એમનું ગોળવાળા કુટુંબ જાણીતુ છે. ૧૯૩૪માં રાંદેર એમ. એમ પી. હાઇ સ્કૂલમાંથી મેટ્રીક પાસ કરી અમદાવાદની બી. જે. મેડીકલ કૉલેજમાં દાખલ થઇ સને ૧૯૩૯ના મે માસમાં એલ. સી. પી એસ ની પરીક્ષા મુંબઇ ખાતે પાસ કરી. થોડીક મુદ્દત અમદાવાદની સીવીલ હોસ્પીટલમાં ઓનરરી કલીનીકલ એસિસ્ટંટ તરીકે કામ કરી ૧૯૩૯ના સપ્ટેમ્બર માસમાં ટંકારી બંદર ખાતે મેડીકલ ઓફિસર તરીકે નીમણુંક થઈ ત્યાંથી રાજીનામું આપી માર્ચ ૧૯૪૦માં અમદાવાદ ખાતે સરકારી નોક-

રોમાં જોડાયા. ત્યાંથી ધારવાર, ધુળિયા, અહેમદ નગર, પુના વગેરે જગ્યાઓ પર બદલીઓ થઇ. ૧૯૪૧ની આખરે સરકારી નોકરીમાંથી રાજીનામું આપી સૂરત જિલ્લા લોકલ બોર્ડમાં કુંદીયાણા ડીસ્પેન્સરીના મેડીકલ ઓફિસર તરીકે કામ કર્યું. ત્યાંથી ચીખલી અને વાલોડ



બદલી થઇ. ૧૯૫૦ના ફેબ્રુઆરીમાં ત્યાંથી રાજીનામું આપી આલીપોર મુસ્લિમ ચેરીટેબલ ડીસ્પેન્સરીમાં મેડીકલ ઑફિસર તરીકે નીમાયા. ને હાલ ત્યાં જ ચાલુ છે. ભરૂચ જિલ્લાના કવૉલીફાઇડ ડૉકટરોમાં એ સીનયર મોસ્ટ ગણાય છે.

☆

**જ. આદમ ઈબ્રાહીમ ગોળવાળા** ઉ. વ. ૨૬. મૂળ વતન ટંકારીઆ. હાલ પાલેજ. એમના પિતા પાલેજમાં ગોળના જનરલ વેપારી હોઇ ગોળવાળાના નામે ઓળખાય છે. એમનો જન્મ પણ ત્યાં જ થયો હતો. પાલેજ હાઈ સ્કૂલમાં અંગ્રેજી સાત ધોરણ સુધીનો અભ્યાસ કરી ૧૯૪૮માં પાકિસ્તાન ગયા અને ત્યાં સ્વતંત્ર બીઝનેસ શરૂ કર્યો થોડાક જ સમયમાં સારી પ્રગતિ કરી. પટેલોની કેળવણીના ખાસ હિમાયતી છે. વેપારી તરીકે સારા મિલનસાર યુવાન છે. ભરૂચ જિલ્લા એજ્યુ. સોસાયટીના કાર્યમાં ઊંડો રસ લઈ રહ્યા છે. હાલ સદર કરાંચી ખાતે ફ્રીઅર સ્ટ્રીટ હુસૈની



બિલ્ડીંગમાં રહે છે.

☆

**જ. આદમભાઈ હાજી ઈબ્રાહીમ પટેલ:** ઉ. વ. ૩૫. મૂળ વતન ટંકારીઆ. ભરૂચ પાયોનીયર હાઇસ્કૂલમાંથી ૧૯૪૧માં મેટ્રીક પસાર કરી ૧૯૫૧માં એ. વી. એસ. જી. બી. થયા. ૧૯૪૧થી અમ-



દાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં કલાર્ક તરીકે કામ કરે છે. મિલનસાર અને નમ્ર સ્વભાવના સેવાભાવી યુવાન છે. દેખાવે દલીલબાજ ફિલ્સૂફ જેવા દેખાય છે. ☆

If you find or have any information on any of these peopl listed or non-listed here, please send it to us at sab@mytankaria.com or contact one of our administrators. This is the time to pay back our forefathers whom we are very proud of.



**જ. ઈબ્રાહીમ મહુમદ વલી 'જનાબ':** ઉ. વ. ૨૧. મૂળ વતન ટંકારીઆ. અમદાવાદમાં મેટ્રીક પસાર કરી અમદાવાદ ગુજરાત કૉલેજમાં જોડાઇ હાલ સીનીયર બી. એ.માં અભ્યાસ કરે છે. સ્કૂલ લાઇફ દરમ્યાન ઈન્ટર મીડીયેટની પરીક્ષા પસાર કરી છે. 'નેશનલ કેડેટ કોપ્સ' તરફથી ગુજરાતના પ્રતિનિધિઓમાં આબુ ખાતે ચુંટાયા હતા. સ્પોર્ટસમાં કૉલેજના વ્યાયામ વિભાગ તરફથી ઘણી ટ્રોફીઓ મેળવી.



છે. સ્ટુડન્ટસ કાઉન્સિલના પ્રતિનિધિ ચુંટાયા છે. એમના પિતા મહુમદ વલી જનાબ, નવાબ અહ્મદ સાહેબના ઘણા વરસોથી કારભારી રહ્યા છે.

☆

**જ. અહુમદ ઇબ્રાહીમ પટેલ ઉર્ફે બચ્ચા માસ્તર:** ઉ. વ. ૩૭. મૂળ વતન ટંકારીઆ. ૧૯૪૦માં અમદાવાદ પી. આર. ટ્રે. કૉલેજમાંથી સેકન્ડીયર થયા. પછી ભરૂચ જિલ્લામાં શિક્ષક તરીકે જોડાયા. એમના હાથે છેલ્લા ત્રણ વર્ષમાં ૧૧૫ છોકરીઓ વી. એફ.-પાસ થઈ છે. અમદાવાદમાં પ્રથમ પંક્તિના શિક્ષકોમાં સૌથી મોખરે છે. ઉત્સાહી અને કર્તવ્યશીલ શિક્ષક છે. યુવાન તરીકે પાકા મુત્સદ્દી છે. હિંદુસ્તાની ત્રીજી પાસ કરી છે. વ્યાયામ અને સ્કાઉટીંગની તાલીમ મેળવી છે. હાલમાં એસ. એસ. સી. પણ ૧૯૫૩માં પાસ કરી છે. પટેલ કોમની કેળવણી માટે અમદાવાદમાં સ્થાપાએલા મંડળના એ સંસ્થાપક છે. અમદાવાદ ખાતે પટેલોની એ સારી સેવા બજાવી રહ્યા છે. પ્રતિભાશાળી શિક્ષક અને કર્તવ્ય




પરાયણ યુવાન છે. કોઇનું પણ કામ કરી છૂટવામાં એ થાક અનુભવતા નથી. એમના પત્નિ અમીના ઈસાભાઇ પણ અમદાવાદમાં શિક્ષિકા તરીકે જોડાએલાં છે.

✱

**જ. મહુમદ મૂસા માસ્તર** ઉ. વ. ૪૯. મૂળ વતન ટંકારીઆ. ૧૯૨૧માં ટ્રેન્ડ થયા. ટંકારીઆ સેન્ટ્રલ સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા હતા. એમની પબ્લીક સેવાઓ ઘણી છે. સને ૧૯૩૦થી આજદિન સુધી ધી ઘોડીવાલા વકફ ફંડના વાઈસ પ્રેસિડન્ટ રહ્યા. ૧૯૩૩થી આજદિન સુધી ધી ઘોડી ગ્રુપ કો-ઓ. મલ્ટી પરપઝ સોસાયટીના પ્રમુખ અને ચેરમેન રહ્યા. ૧૯૪૦થી આજદિન સુધી ધી ભરૂચ તાલુકા કો-ઓ. સુપરવાયઝીંગ યુનીયન લિ.ના સભ્ય રહ્યા. ૧૯૪૩થી આજદિન સુધી ધી ટંકારીઆ કો. સો. સ્ટોરના પ્રમુખ અને ચેરમેન રહ્યા. ૧૯૪૬માં નોકરીમાંથી નિવૃત્ત થયા. ૧૯૪૭-૪૮ના બે વરસ ધી. ડી. એડવાયઝરી કમિટિ ભરૂચના સભ્ય હતા. એજ બે વરસ તાલુકા એડવાયઝરી કના વાઇસ ચેરમેન અને જિલ્લા

These great men achieved success in every field, whether it was education, business, literature or religion, all at the same time working for the community. p.7

સ્કૂલબોર્ડના સભ્ય, અને ધી ભરૂચ ડી. કો. ઓ. બેંક લિ.ના ડીરેક્ટર રહ્યા. ૧૯૪૫ થી ૫૧ સુધી ધી ભરૂચ ડી. કો. ઓ. પરચેઝ એન્ડ




સોસા યુનિયન લિ.ના ડીરેક્ટર રહ્યા. ૧૯૪૪થી આજદિન સુધી ધી ભરૂચ ડી. હુન્નર ઉદ્યોગ અને ખેતીવાડી કમિટિના સભ્ય રહ્યા. ૧૯૪૯થી ધી ભરૂચ અં. ઈ. કમિટિના સભ્ય રહ્યા. સને ૧૯૪૭–૪૮ ભરૂચ જિલ્લા સમાજ શિક્ષણ સમિતિના સભ્ય રહ્યા ૧૯૪૭થી આજદિન સુધી ટંકારીઆ સ્થાનિક સ્કૂલ કમિટિના ચેરમેન તરીકે ચાલુ છે. ૧૯૫૨માં ભરૂચ ડી. લો. બો.ના સભ્ય તરીકે ચુંટાયા અને હજુ ચાલુ છે. ૧૯૫૧થી ભરૂચ ડિ. કો. બોર્ડની કમિટિના સભ્ય; ૧૯૫૨થી આજદિન સુધી ટંકારીઆ વીલેજ પંચાયતના સરપંચ તથા ટંકારીઆ અને કેલોદ લો. બો. ડીસ્પેન્સરીના ચેરમેન અને જનોર તથા અમલેશ્વર લો. બો. ડીસ્પેન્સરીના સભ્ય તરીકે રહ્યા અને હજુ પણ ચાલુ છે. પટેલ કોમની કેળવણીના ચાહક તથા ગામ તાલુકા અને જિલ્લાના એક આગેવાન કાર્યકર્તા છે. સરળ અને નમ્ર સ્વભાવના ઠરેલ સજ્જન છે.

☆

**જ. અહમદ આઈ. પટેલ: ઉ. વ. ૪૪**

મૂળ વતન ટંકારીઆ. પ્રાથમિક અંગ્રેજી ચાર ધોરણનો અભ્યાસ કરી ૧૯૨૩માં ટંકારીઆ ખાતે ખેતીના ધંધાની શરૂઆત કરી. પણ ખેતી રાસ ના આવી. રાંદેરથી નીકળતા 'સાદિક' માસિકમાં 'મજનું' ઉપનામથી સામાજિક ઐતિહાસિક લેખો લખતા. બીજા પણ બેચાર ઈસ્લામી પેપરોમાં લખતા હતા. આજિવિકા માટે પાલેજ ખાતે સીઝનમાં વેપારી નોકરી કરતા. આમ ધીમે ધીમે આગળ વધતા ચાલ્યા. સવંત ૧૯૯૪ થી ૧૯૯૮ સુધી એક કપાસની જાણીતી પેઢી ઉપર એકાઉન્ટ તરીકે રહ્યા. એમના પિતા યુસુફ ઈસ્માઈલ સારામાં સારા નામાના જાણકાર હતા તે ગુણો એમનામાં ઉતર્યા અને નામાના સારા એકસપર્ટ બન્યા સંવત ૧૯૯૯થી ભરૂચની જાણીતી સી. વસંતલાલ એન્ડ કું.માં એકાઉન્ટન્ટ તરીકે જોડાયા. આ કંપનિ દેશ–પરદેશ સાથે રૂ અને કપાસની ખરીદી અને એજન્સીનું કામ કરે છે. એની



અનેક બ્રાંચોમાં તથા મુંબઈની હેડ ઓફિસમાં એકાઉન્ટન્ટ જનરલ તરીકે એ પોતાની ફરજ સંતોષકારક રીતે બજાવે છે. નામાના એકસપર્ટ તરીકે ઘણો સારો પગાર મેળવે છે. કોઈપણ પટેલને નામું લખવામાં એટલો મોટો પગાર મળતો નહિં હોય: ઉત્સાહી યુવાન છે. અને કેળવણીમાં સક્રિય રસ લઈ કોમનું હિત ધરાવે છે. સદાય હસતા એ યુવાન સાથેની વાતચીતથી

Please leave a feedback on this document and let us know how you felt after reading these historical document. Also, if you have more info, please e-mail us at sab@mytankaria.com or contact one of our administrators. 

સારી વેપારી પ્રેરણા મળી શકે એમ છે. હાલ ભરૂચ ખાતે ખલાસીવાડમાં 'કંપની તરફથી મળેલાં ભવ્ય મકાનમાં વસવાટ કરે છે.

☆


**જ. મહમદ ઇસા બક્ષ: (નાના બચ્ચા માસ્તર)** ઉ. વ. ૩૯. મૂળ વતન ટંકારીઆ. હાલ



અમદાવાદ. પ્રાથમિક શિક્ષણ મેળવી એમના પિતા કેપ્ટાઉનના સફરી હોવાથી બાર વરસની ઉમરે કેપ્ટાઉન ગએલા. તેમના પિતા ગુજરી જવાથી બે વરસમાં કેપ્ટાઉનથી ટંકારીઆ આવવું પડયું તે બે વર્ષ દરમ્યાન અંગ્રેજી ધોરણનો અભ્યાસ કર્યો. ૧૯૩૬માં વી. એફ. થયા. ટેલરીંગ કામ શીખી કુટુંબનું ગુજરાન ચલાવ્યું. અમદાવાદ મ્યુનિ.માં શિક્ષક તરીકે જોડાયા. અમદાવાદમાં ભરૂચ પટેલ સહાયક મંડળના એ કારોબારી સભ્ય છે. કોમી કાર્યોમાં સારો રસ ધરાવે છે.

☆

**મી. ઈસ્માઈલ ડી. ચોકવાલા :** ડી એફ. એસ. ઉ. વ. ૨૫. મૂળ વતન ટંકારીઆ. ૧૯૪૯માં સારા માર્કથી અંગ્રેજીમાં મેટ્રીકની પરીક્ષા પસાર કરી. આર્થિક મુંઝવણને કારણે પ્રા. શિક્ષકની નોકરી સ્વીકારી. પણ છ માસમાંજ એ નોકરી છોડી દઇ સરકારી ખર્ચે ધારવાડ ખાતે ફોરેસ્ટ કૉલેજમાં દાખલ થઈ છ માસમાં અભ્યાસ પૂર્ણ કરી ફર્સ્ટ કલાસમાં સર્વેયરીંગ ડીપ્લોમા મેળવ્યો. ડી. એફ. એસ. (ડીપ્લોમા ઇન્ફોરેસ્ટ સર્વિસ)નું સર્ટિ. મેળવ્યા પછી સાબરકાંઠા, બનાસકાંઠા અને સૌરાષ્ટ્રમાં સર્વેયર તરિકે જુદી જુદી સર્વિસ બજાવી. હાલમાં અમરેલી ખાતે સર્વેયરની નોકરી બજાવે છે. ઉત્સાહી અને મિલનસાર યુવાન છે. હાલમાં સર્વિસ



સાથે ઈન્ટર આર્ટસનો અભ્યાસ પણ કરે છે. રમત ગમતમાં રસ ધરાવે છે અને ક્રિકેટના સારા પ્લેયર છે. જીવનમાં અને નોકરીમાં આગળ વધવાની ધગશ ધરાવે છે.

☆

Thanks for taking interest in the history of our Tankaria.
Contributed by: Fayaz Khandhia (Chicago, U.S.A.)